શેઠ ધનજીશા રૂસ્તમજી ઉમરીગર મેમોરિયલ શાળા, સુરત .

શૈક્ષણિક વર્ષ –૨૦૨૧-૨૨

પ્રથમ સત્ર

એકમ કસોટી -૨

ધોરણ: ૮

વિષય : ગુજરાતી

૨૬/૦૮/૨૧

ગુરુવાર

સમય: ૧ કલાક

કુલ ગુણ: ૨૫

---

પ્ર.-૧ (અ) નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (૫ )

૧. નીચેનામાંથી કયો વાર્તાસંગ્રહ મનોહર ત્રિવેદીએ લખ્યો છે ?

(અ) રમતા-રમતા (બ) જુમો ભિસ્તી (ક) ગજવામાં ગામ (ડ) હૃદય

૨. 'ગ્રીનસિટી' એટલે શું ?

(અ) લીલાંછમ વૃક્ષો (બ) લીલાંછમ મેદાન(ક) હરિયાળું નગર(ડ) હરિયાળું વન

3. 'ધૂળિયે મારગ' કાવ્ય શેમાંથી લેવામાં આવ્યું છે ?

(અ) 'ગુલાલ અને ગુંજાર'માંથી (બ) 'જીવનમંત્ર'માંથી

(ક) 'સત્યના પ્રયોગો'માંથી (ડ) ' ગુલાલ'માંથી

૪. 'તને ઓળખું છું મા' કવિતાનો પ્રકાર જણાવો.

(અ) સોનેટ (બ) ઊર્મિગીત (ક)પ્રાર્થનાગીત. (ડ) પ્રકૃતિકાવ્ય

૫. ગાંધીનગરના મુખ્ય આડા માર્ગો શેના પ્રમાણે ગોઠવેલા છે ?

(અ) 'ક' થી 'જ' (બ) 'જ' થી 'ક' (ક)' ક' થી 'મ' (ડ) 'મ' થી 'ક'

પ્રશ્ન-૨ (અ) નીચે આપેલા શબ્દોને કાવ્યપંક્તિના ક્રમમાં ગોઠવો. (૨)

૧. ફરી ઊભો પર તારી પગ થાઉં ટેકે મમતાના

(બ) 'ઇક' પ્રત્યયવાળા બે શબ્દો લખો. (૨)

(ક) અલંકારનો પ્રકાર જણાવો. - ' મા સાચું તીર્થ છે.' (૧)

પ્રશ્ન-3 માંગ્યા મુજબ કરો.

૧. સૂરજડોશીથી તો રડ્યે જવાતું હતું. (કર્તરિવાક્યમાં ફેરવો.) (૧)

૨. કર્મણિવાક્યનું ઉદાહરણ લખો. (૧)

3. ઉપમા અલંકારનું ઉદાહરણ લખો. (૧)

૪. 'મા' વિષય પર કોઈપણ એક કહેવત લખો. (૧)

૫. નીચે આપેલ તળપદા શબ્દનો અર્થ લખો. (૧)

૧.પરકમ્મા

પ્રશ્ન-૪ (અ) વિચારીને લખો. (3)

૧. તમારા ગામને હરિયાળું બનાવવા કયા કયા પ્રયત્ન કરશો ?

(બ) નીચે આપેલી કાવ્યપંક્તિનો ભાવાર્થ લખો. (૨)

કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણાં જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?

પ્રશ્ન-૫ (અ) નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર લખો. (3)

૧. માતાના હાથના સ્પર્શથી શાનો અનુભવ થાય છે ?

૨.ગાંધીનગરની સ્થાપના કયા નેતાની સ્મૃતિમાં કરવામાં આવી છે ?

૩. આપણા જુદા આંક એટલે શું ?

(બ) નીચે આપેલા પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (૨)

૧. વિધાનસભાગૃહમાં પ્રવેશવા પરવાનગી શા માટે જરૂરી છે ?

SDRUMS
Knowledge & Wisdom